# ખજૂરડી






## તાપી પુરાણમાં ગામના ભવાની માતા મંદિરનો ઉલ્લેખ

ખજૂરડી ગામમાં આવેલા નાનકડા ભવાની માતા મંદિરનું મોટું સત માનવામાં આવે છે. વર્ષો અગાઉ ડાંગરના પાકમાં જીવાત પડતા ભવાની માતાની બાધા મનાઇ હતી. ત્યારબાદ પાક સફળ થયો. આ સિવાય ઢોરમાં પણ રોગચાળો વધી જતાં આ માતાની બાધાથી ઢોરનાં મૃત્યુ થતાં અટક્યાં હતાં. ત્યારથી તેનું સત મનાય છે. આજે પણ ખેડૂતો સારા પાક માટે અને ઢોરનાં સ્વાસ્થ્ય માટે ભવાની માતાના આશીર્વાદ અચૂક લેતા હોય છે.

## કુંવારિકા માતાના મંદિરનો પણ અનોખો ઇતિહાસ

અહીં એક કુંવારિકા માતનું નાનકડું ડેરું જેવું મંદિર છે. એક વાયકા એવી છે કે, અહીં પહેલા એક કૂવો હતો. આ કૂવામાં સોની સમાજની નાનકડી દીકરી રમતા રમતા પડી ગઇ હતી. ત્યારે આ કૂવો પૂરી અહીં કુંવારિકા માતાનું મંદિર બનાવ્યું હતું. જેના કારણે તેને કુંવારિકા નામ અપાયું હતું. જેનું પણ સત માનવામાં આવે છે. ગામની યુવતીઓ આ મંદિરની અચૂક પૂજા કરતી હોય છે.



## ગામમાં તબીબી સુવિધાના નામે મીંડું

ખૂબ જ વિકસિત એવા સ્માર્ટ વિલેજ ગણાતા ખજૂરડી ગામમાં તબીબી સેવાના નામે મીંડું છે. અહીં સરકારી પીએચસી પણ નથી. બાજુના જ પાલણ ગામે પીએચસી હોય અહીં આ સરકારી કે ખાનગી દવાખાનું નથી. જેના માટે સરપંચ વિચારણા કરી રહ્યાં છે. આગામી સમયમાં ગામમાં જ મોટું સરકારી દવાખાનું બને એ માટે તેઓ પ્રયાસ કરી રહ્યા છે. હાલ આવી કોઇ યોજના ન હોય નજીકના ભવિષ્યમાં અહીં આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય એવા અણસાર લાગતા નથી.



## વિદ્યાર્થીઓને સ્કૂલે જવા ખાનગી વાહનનો જ સહારો

ખજૂરડી ગામે અગાઉ દિવસમાં સ્કૂલના સમય સહિત 6 જેટલી બસ આવતી હતી. જ્યારે હવે અહીં એકપણ બસ આવતી નથી. અગાઉ અહીંનાં બાળકો એસટીની બસો પર જ સ્કૂલે આવવા જવા માટે આધાર રાખતા હતા, પરંતુ હવે બાળકો ખાનગી વાહન પર જ આધાર રાખે છે. ગામથી લઇ બહાર સ્ટેટ હાઇવે સુધી વાલીઓએ બાળકોને મૂકવા જવું પડે છે. ત્યાંથી સ્કૂલ બસ કે સ્કૂલ વાનમાં સ્કૂલે જાય છે. જો કે, બદલાતા જમાનામાં અહીંનાં બાળકો સરકારી સ્કૂલમાં નહીં, પરંતુ વલસાડની ખાનગી સ્કૂલોમાં જતા થયા છે. જેમની બસમાં જ તેઓ અવરજવર કરતા રહેતા હોય છે. જો કે, સરકારી બસની અવરજવર બંધ થઇ જતાં અહીંના મધ્યમ વર્ગના લોકો માટે પણ બહાર જવા ખાનગી વાહન પર જ આધાર રાખવો પડે છે. ઘરમાં પોતાનું વાહન ન હોય તો ખૂબ મુશ્કેલી પડી જતી હોય છે.



## બાળકોથી લઈ વૃદ્ધોના સમય પસાર કરવાનાં સાધનો

સ્માર્ટ વિલેજ ખજૂરડીમાં બાળકો માટેનું સુંદર ક્રિડાંગણ બનાવાયું છે, જેમાં બાળકોને મોહી લે એવાં રમતગમતનાં સાધનો મુકાયાં છે. આ સિવાય વૃદ્ધો માટે ઠેર ઠેર બાકડા મુકાયા છે. સાંજ થતાં વૃદ્ધો બાકડા પર બેસી શકે છે. તેમજ યુવાનોથી લઇ વૃદ્ધો માટે અહીં ઓપન જીમ પણ બનાવાયું છે. જેનો પણ લોકો મોટા પ્રમાણમાં લાભ લઇ રહ્યા છે.




## ગામમાં રાજકારણ નહીં હોવાથી 25 વર્ષથી સમરસ બને છે

વલસાડના ખજૂરડી ગામે સરપંચ પદ માટે છેલ્લાં 25 વર્ષથી ક્યારેય પણ ચૂંટણી નથી થઇ. આ ગામ 25 વર્ષથી સમરસ બને છે. અહીંની મુખ્યત્વે પાટીદાર અને હળપતિની વસતી છે. ત્યારે જે મુજબ રોટેશન આવે એ મુજબના પ્રમુખ બનતા રહે છે. હળપતિની વસતી મોટી હોય દર ચૂંટણીમાં એક પછી એક મહોલ્લાના યુવાનોને સરપંચ બનવાનો મોકો અપાય છે. જ્યારે હળપતિ સમાજના સરપંચ બને ત્યારે પાટીદાર સમાજના ઉપસરપંચ બને અને જ્યારે પાટીદાર સમાજના સરપંચ હોય ત્યારે ઉપસરપંચ હળપતિ સમાજના ઉમેદવારને બનાવાય છે. સરપંચ સિવાય અન્ય સભ્યોની નિમણૂકમાં પણ 25 વર્ષથી કોઇ વિવાદ થયો નથી. જેના કારણે 25 વર્ષથી સમરસની આ પરંપરા જળવાઇ રહી છે.



## 90 ટકા માર્ગો પાકા અને પેવર બ્લોકના છે

ગામમાં મુખ્ય માર્ગ ડામરના છે, પરંતુ સ્લમ વિસ્તારના પણ મહત્તમ માર્ગોને પેવર બ્લોકના બનાવી દીધા છે. ગામમાં ધૂળિયા રસ્તા ન હોય ગામમાં ચોખ્ખાઇ રહે છે. ગામનો આ વિકાસ જ ખજૂરડી ગામને અનોખી ઓળખ આપે છે અને ગ્રામ પંચાયતને સમરસ બનાવે છે. સમગ્ર ગામમાં રસ્તા અને પાણીની તેમજ લાઇટની વ્યવસ્થા હોય ગામનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે.



## ગામનું સ્વામિનારાયણ મંદિર જિલ્લાનું બીજું મોટું મંદિર

વલસાડ જિલ્લાનું સૌથી મોટુ સ્વામિનારાયણ મંદિર તિથલ દરિયા કિનારે આવ્યું છે. ત્યારબાદનું મોટું મંદિર ખજૂરડી ગામે બન્યું છે. અહીં ખૂબ જ રમણિય વાતાવરણમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું સુંદર મંદિર બનાવાયું છે. જ્યાં અવારનવાર અનેક પ્રસંગો થતા રહે છે. ગામ લોકોમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ અનોખી ભક્તિ જોવા મળી રહી છે.

## ગામને વાઇફાઇ ફ્રેન્ડલી બનાવવાની નેમ: સ્નેહલ પટેલ

ખજૂરડી ગામના યુવા સરપંચ સ્નેહલભાઇ પટેલે જણાવ્યું હતું કે, ખજૂરડી ગામને સીસીટીવી કેમેરાથી સજ્જ કરાયું છે, પરંતુ હવે ગામને વાઇફાઇ બનાવવાનું કાર્ય હાથમાં લેવાશે. જેના કારણે ગામમાં કોઇને ડેટાની તકલીફ ન પડી શકે. હાલ સીસીટીવીને ઇન્ટરનેટ વડે જોડી જ દીધા છે. જેનું સર્વર પોતાના ઘરે જ રાખ્યું છે. જેનાથી વિદેશમાં રહેતા ગામના વતની ગમે ત્યારે ગામને નિહાળી શકે છે. તેમજ ગામના અનેક પ્રસંગોમાં વર્ચ્યુઅલ હાજરી આપી શકે છે, પરંતુ હવે આખા ગામને વાઇફાઇથી સજ્જ કરી અત્યાધુનિક કરવાની નેમ છે.

## ખજૂરડી ગામના યુવાન ખેડૂત જ નહીં, ઉદ્યોગપતિ પણ બન્યા

ખજૂરડી ગામના મહત્તમ પરિવારો ખેતી પર નભે છે. તેમના પુત્રો અભ્યાસ કરી વિદેશો પણ સ્થાયી થયા છે, પરંતુ આ ગામના યુવાન ઉદ્યોગપતિ પણ બન્યા છે. ગામના સ્મિત પટેલ નામના યુવાને વાપીમાં એક ગારમેન્ટ ફેક્ટરી ઊભી કરી છે. આ ગારમેન્ટ ફેક્ટરીમાં તેઓ રેડિમેઇડ કપડાં બનાવે છે, પરંતુ ગામ સાથે તેમનો અતૂટ નાતો અને ગામ માટે તેઓ હંમેશાં કાર્યરત રહે છે. ગામની સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો માટે તેઓ અવારનવાર યુનિફોર્મ આપતા હોય છે. જેના કારણે ગામને પણ તેમના ગામના ઉદ્યોગપતિ યુવાન પર ગર્વ થઇ રહ્યો છે.




પરોપકાર

## સાંસ્કૃતિક ભવનના ટ્રસ્ટ થકી ગામમાં અનેક સેવાનાં કાર્યો

ખજૂરડી ગામના સાંસ્કૃતિક ભવનના નિર્માણ માટે બનાવાયેલા ટ્રસ્ટ દ્વારા આ ભવનનું સંચાલન જ નહીં, પરંતુ અન્ય અનેક સેવાનાં કાર્યો થતા રહે છે. ગામના ઉજ્જવળ વિદ્યાર્થીને શિક્ષણની સહાય સહિતની સેવા આ ટ્રસ્ટ થકી થઇ રહી છે. શિક્ષણ હોય કે આરોગ્ય આ ટ્રસ્ટ દ્વારા ખુલ્લા દિલે ગામના લોકોને સહાય કરવામાં આવે છે. જ્યાં સરકારી યોજના ન પહોંચે ત્યાં ગામનું આ ટ્રસ્ટ સેવા કાર્ય માટે પહોંચી જતું હોય છે.

## ગામનું સાંસ્કૃતિક ભવન સમારંભો માટે ખૂબ ઉપયોગી

ખજૂરડી ગામે ખૂબ જ સુંદર અત્યાધુનિક સાંસ્કૃતિક ભવનનું નિર્માણ કરાયું છે. ગામમાં યોજાતા લગ્ન સમારંભો માટે ખૂબ જ કિફાયતી દામે આ ભવન આપવામાં આવે છે. જેના કારણે મધ્યમથી મધ્યમ પરિવાર પણ આ હોલમાં પોતાનો પ્રસંગ ઊજવી શકે છે. આ હોલ નાતજાતના કોઇ પણ ભેદભાવ વિના આપવામાં આવે છે. જેનાથી ગામની એકતામાં વધારો થયો છે. આ ગામ મધ્યમવર્ગીય લોકો માટે આશીર્વાદસમાન છે.



## ખજૂરડી ગામ ડાંગરની ખેતી માટે પણ જાણીતું હતું

આમ તો ખજૂરડી ગામે પ્રવેશો એટલે બંને તરફ આંબાવાડીના જ દર્શન થાય છે, પરંતુ જ્યારે વર્ષો અગાઉ અહીંથી ખજૂરડીનાં ઝાડ કાપ્યા ત્યારે અહીં ડાંગરની મોટા પ્રમાણમાં ખેતી થતી હતી. ડાંગરની ખેતી માટે આ ગામ અંગ્રેજોના શાસનથી જાણીતું હતું. અહીંની પેઢી દર પેઢી અંગ્રેજોની વાત પણ થાય છે. અહીંના વડીલોએ જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં અંગ્રેજો આવ્યા ત્યારે તેઓ ડાંગરની ખેતી જોવા ખાસ ખજૂરડી ગામે આવ્યા હતા. તેઓ ડાંગરનો પાક જોઇ અચંબિત થઇ ગયા હતા. શહેરી વિસ્તારના અંગ્રેજોને ડાંગરના પાક વિશે જાણકારી આ ગામમાંથી જ મળી હતી.

(માહિતી સંકલનઃ અપૂર્વ પારેખ, તસવીરોઃ આઝાદ રાઠોડ)